આંક : ૨૮

# <u>મજુર અદાલત નં – ૧, ભરૂચના પ્રમુખ અધિકારી</u>
# <u>શ્રી જે.બી.ધાસુરા સમક્ષ</u>

**રેફરન્સ(એલ.સી.બી)નંબર : ૫૬/૨૦૨૦**

**પ્રથમ પક્ષકાર :** મૃગલ ઓફસેટ પ્રીન્ટર.
પ્લોટ નં.સી–૧બી/૭૧૦૪–૦૫,
જી.આઈ.ડી.સી., અંકલેશ્વર, જી.ભરૂચ.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** શ્રી બ્રિજેશકુમાર મંડલ.
૨૪૪, બીજો માળ, સરદાર મ્યુની. શોપીગ સેન્ટર,
એસ.બી.આઈ.મુકિતનગર સામે, શકિતનાથ, જી.ભરૂચ.

**હાજર રહયાં :** પ્રથમ પક્ષકાર તરફે વિ.પ્રતિનીધી શ્રી નિલેશભાઈ ડી. પરમાર.
બીજા પક્ષકાર તરફે વિ.વકીલ શ્રી બી.કે.શાહ.

**<u>–:ઃ– એવોર્ડ –:ઃ–</u>**

**(૧)** આ કામના અરજદારને સામાવાળા એ નોકરીમાંથી છુટા કરી દેતાં તેઓએ તે સંદર્ભેનો ઔધોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુકતશ્રી ભરૂચ સમક્ષ ક્રમાંક : મશ્રઆ / ભરૂચ/ આઈડીઆર/ એજે/ ૨૦૨૦ / ૪૨૨૧ તા.૧૧/૦૯/૨૦૨૦ થી અત્રેની અદાલતમાં મોકલવામાં આવેલ.

**<u>–:ઃ– અનુસુચિ –:ઃ–</u>**

શ્રી બ્રિજેશકુમાર મંડલને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**(૨)** બીજા પક્ષકારનો કેસ જોતા આ કામમાં પ્રથમ પક્ષકારને કંપની / સામાવાળા તરીકે તેમજ બીજા પક્ષકારને કામદાર તરીકે સંબોધવામાં આવેલ છે. અમો સબંધિત કામદાર આ વિવાદના કામે અમારો નીચે મુજબનું માંગણાનું નિવેદન આપ નામદાર અદાલત સમક્ષ રજુ કરીએ છીએ.

અમો બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર કંપનીમાં ઓગસ્ટ–૨૦૧૫ ના રોજથી દાખલ થયેલા. અમો બીજા પક્ષકાર કોરુગેસન યુનિટ ખાતામાં ઈફલુટ મશીન

ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. અમોને માસિક કુલ પગાર લગભગ રૂ.૧૪,૪૦૦/– તમામ ભથ્થાઓ સહિત ચુકવવામાં આવતો હતો. કંપનીમાં અમો જનરલ પાળીમાં ફરજો બજાવતા હતા. કંપનીમાં આશરે ૬૦ જેટલા કામદાર – કર્મચારીઓ ફરજો બજાવે છે. કંપનીમાં અમોએ અમારી ફરજો અત્યંત ઈમાનદારી પૂર્વક ખંત અને નિષ્ઠાથી બજાવેલ છે અને ઠપકો આપવો પડે કે શિક્ષાને પાત્ર ઠરીએ તેવો કોઈ પ્રસંગ અમારી લાંબાગાળાની નોકરીના સમય દરમ્યાન ઉપસ્થિત કરેલ નથી.

કંપનીમાં અમોએ અન્ય કામદારો સાથે ભેગા મળી તા.૦૧/૦૫/૨૦૨૦ ના રોજથી ગુજરાત વર્કિંગ કલાસ યુનિયન, ભરૂચ, એ–૭૭૨, આનંદ ગંગા, કસક, ભરૂચનું સભ્યપદ સ્વીકારેલું. કંપનીમાં અમોએ મેનેજમેન્ટના ગેરકાયદેસર અને ગેરવ્યાજબી પગલાઓનો વિરોધ કરેલો. કંપનીમાં ઘણા બધા કામદારોને લઘુત્તમ વેતન કરતા પણ ઓછું વેતન લગભગ રૂ.૧૮૦/ – થી રૂ.૨૪૦/– ચુકવવમાં આવતું હતું. ઘણાં બધા કામદારોનું પ્રોવીડન્ડ ફંડનો ફાળો કાપવામાં નહોતો આવતો તેમજ અન્ય સુવિધાઓ પણ પુરતી ન હતી. અમોએ યુનિયન બનાવી કંપની સામે ચાર્ટર ઓફ ડીમાન્ડ તા.૨૩/૦૫/૨૦૨૦ ના રોજ ઉપસ્થિત કરેલ. અમારી માંગણીઓ અંગે મેનેજમેન્ટ ધ્વારા કોઈ જ સમાધાનકારી વલણ નહી અપનાવતા. અમોએ યુનિયન ધ્વારા મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભરૂચ સમક્ષ માંગણીઓ બાબતે વિવાદ ઉપસ્થિત કરેલ. અમારા યુનિયન ધ્વારા રીજીયોનલ પ્રોવિડન્ડ ફંડ કમિશ્નરશ્રી, ભરૂચ સમક્ષ પ્રોવિડન્ટ ફંડ ફાળાની કપાત કંપની ધ્વારા નહી કરવાના કારણે અમોએ આ બાબતે પણ ફરીયાદ કરેલી. આથી કંપની ધ્વારા અમો તેમજ બીજા પાંચ કામદાર આગેવાનો સામે કિન્નાખોરી રાખી તેમજ જોહુકમી વાપરી તા.૨૨/૦૬/૨૦૨૦ ના પત્રથી અમોને તેમજ અન્ય પાંચ કામદારોને લેખિતમાં જાણ કરી નોકરીમાંથી છુટા કરી દીધેલ. અમોને છુટા કરતા પહેલા ખાતાકીય તપાસ કર્યા વિના કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ બચાવ કે ખુલાસો કરવાની તક આપેલ નથી અને તા.૨૨/૦૬/૨૦૨૦ ના પત્ર ધ્વારા નોકરીમાંથી છુટા કરવાની જાણ કરેલી.

તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજ અમોને નોકરીમાંથી છુટા કરતા અમોએ કંપનીને તા.૨૭/૦૬/૨૦૨૦ ના રોજ છુટા કરવાના પત્રમાં અમારી સામે લગાવેલા આક્ષેપો/ આરોપોનો ઈન્કાર કરેલો તેમજ અમોને મોકલવામાં આવેલો નોટીસ પગાર તેમજ અમોએ બજાવેલ ફરજના દિવસો દરમ્યાનના પગારનો ચેકનો અમોએ વાંધા – વિરોધ સાથે

સ્વીકાર કર્યા અંગેની અમોએ કંપનીને લેખિતમાં જાણ કરેલી. અમોએ અમારા યુનિયન ધ્વારા સરકારી મજુર અધિકારીશ્રી, અંકલેશ્વરને તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજ આઈ.ડી.એકટની કલમ – ૨૫ (ટી) હેઠળ અયોગ્ય મજુર પ્રથા અંગે તેમજ કંપનીના કામદારોને પગાર ચિઠ્ઠી, ઓળખકાર્ડ, બોનસ, તથા અન્ય મજુર કાયદાઓના ભંગ બદલની ફરીયાદ આપેલ હતી. સામાવાળા કંપનીએ અમારી સામે કિન્નાખોરી તેમજ વેરભાવના રાખી ફકત યુનિયનમાં જોડાયા એ કારણથી જ અમોને નોકરીમાંથી છુટા કરેલ છે. કંપની મેનેજમેન્ટ ધ્વારા મોટાભાગના કામદારો પાસેથી યુનિયમાંથી રાજીનામું આપવાની પૂર્વ શરત લગાવી તેઓને યુનિયનમાંથી રાજીનામું આપવાના પત્રમાં સહી કરાવી ફરજમાં ચાલુ રાખેલ છે. અમોને નોકરીમાંથી છુટા કરવાનું એકમાત્ર કારણ અમોએ કામદારોને સંગઠીત કરવામાં આગળ પડતું કામ કરેલું છે. સરકારી અધિકારીઓ સમક્ષ કંપનીના ગેરકાયદેસર અને ગેરવ્યાજબી પગલાઓ વિરૂધ્ધ ફરીયાદ કરવાના કારણે અમારી કિન્નાખોરી રાખી અમોને નોકરીમાંથી છુટા કરેલ છે.

પ્રથમ પક્ષકાર કંપનીએ અમોને તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજ નોકરીમાંથી છુટા કરતા અમો વારંવાર કંપની પર ફરજ બજાવવા જતા હતા. પરંતુ અમોને કંપનીના અધિકારીઓએ જણાવેલ કે તમો યુનિયનમાંથી રાજીનામું આપશો તો જ ફરજ પર લેવામાં આવશે. કેમ કે અન્ય શ્રમદારોએ પણ યુનિયનમાંથી રાજીનામું આપવાની જાણ કંપનીએ કરેલ છે. અમો બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારએ ગેરકાયદેસર તેમજ ગેરવ્યાજબી રીતે છુટા કરી રોજગારીની અપુરતી તકોના સમયમાં બેકાર બનાવી રસ્તે રઝળતા કરી મુકેલ છે. જેને લીધે આજની કારમી મોંઘવારીમાં અમારા કુટુંબનું ભરણપોષણ કરવાનું અસહય થઈ પડેલ છે.

પ્રથમ પક્ષકારનું આ પગલું અમાનવીય, પાશવી તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતોને ભંગ કરતું છે. જે પ્રથમ દર્શનીય રીતે રદબાતલ થવાને પાત્ર છે. પ્રથમ પક્ષકાર કંપનીએ હાલની કાળઝાળ મોંઘવારી તેમજ રોજગારીની અપુરતી તકોના સમયમાં બેકાર બનાવેલ છે. અમો અમારા કુટુંબીજનો સાથે ખુબજ આર્થિક તેમજ માનસીક વ્યથા ઉઠાવી રહયા છે. જેનું નુકશાન નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે એવું થઈ રહયું છે.

અમોને નોકરીમાંથી છુટા કર્યા બાદ નોકરી મેળવવા ખુબજ પ્રયત્ન કરેલ છે. અમોને કોઈપણ જગ્યાએ કાયમી કે છુટક રોજગારી મળતી નથી અને અમો બેકાર

છીએ નામદાર અદાલત જો અમોને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરશે તો અમો ફરજ પર જવા તૈયાર છીએ અને પ્રથમ પક્ષકાર કંપની હાલમાં પણ ફરજ પર લેવા તૈયાર હોય તો અમો ફરજ પર જવા તૈયાર છીએ.

પ્રથમ પક્ષકાર કંપનીએ અમો બીજા પક્ષકાર કામદારને તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકાર કંપનીનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું છે તથા કંપનીએ તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજથી નોકરીમાંથી અમોને છુટા કરવાનું પગલું ભરેલ છે તે ગેરવ્યાજબી ગેરકાયદેસરનું હોય અમો બીજા પક્ષકારને અમારી કાયમી મુળ જગ્યાએ સત્તા અને સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર સાથે તથા ખર્ચના રૂ.૫૦૦૦/– સહિત નોકરીમાં પુનઃસ્થાપીત થવાનો હુકમ કરવા દાદ માંગેલ છે.

(૩) આ કામે આંક – ૭ થી સામાવાળા સંસ્થા ધ્વારા જવાબ રજુ કરવામાં આવેલ છે. તેમાં તેઓ જણાવે છે કે, બીજા પક્ષકારે નિવેદનમાં જણાવેલ તમામ હકીકતો ખરી નથી અને અમો પ્રથમ પક્ષકારને લેશમાત્ર કબુલ મંજુર નથી.

બીજા પક્ષકારે નિવેદનમાં જણાવેલ હકીકતો ઉપજાવી કાઢેલ છે અને સત્યથી વેગળી હોઈ અમો પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી.

અમો પ્રથમ પક્ષકાર સામે બીજા પક્ષકારને હાલનો વિવાદ ઉપસ્થિત કરવા કાયદેસર કોઈ હકક કે અધિકાર નથી જેથી પ્રથમ પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહ રદ થવા પાત્ર છે.

બીજા પક્ષકારે પોતાના માંગણાના નિવેદનના પેરા(૧) માં જણાવેલ હકીકતો સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતો તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ હોય અમો પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી.

બીજા પક્ષકાર સને ૨૦૧૫ થી કોરૂગેશન યુનિટમાં ઈફલુટ મશીન ઓપરેટર રૂ.૧૪,૪૦૦/– ના તમામ ભથ્થા સહ પગાર મેળવતા હતા સદરહું હકીકતો ખરી છે પરંતુ બીજા પક્ષકાર કંપનીમાં અત્યંત ઈમાનદારી પુર્વક ખંત અને નિષ્ઠાથી તેમજ ઠપકો આપવો પડે કે શિક્ષાને પાત્ર ઠરીએ તેવો કોઈ પ્રસંગ લાંબાગાળાની નોકરીના સમયમાં ઉપસ્થિત થયેલ નથી તે તમામ હકીકતો તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ હોય અમો પ્રથમ પક્ષકારને લેશમાત્ર કબુલ મંજુર નથી.

પ્રથમ પક્ષકાર કંપની ધ્વારા બીજા પક્ષકારને વારંવાર નોકરી દરમ્યાન સોંપવામાં આવતા કાર્યો નિષ્ઠાપૂર્વક બજાવતા ન હતાં અને સુપરવાઈઝરો ના આદેશોનું પાલન કરતા ન હતા તેમજ અશિસ્ત આચરણ તથા ગેરવર્તણૂંક અંગે વારંવાર મૌખિક તેમજ લેખિત જાણ કરવામાં આવતી પરંતુ તેનો કોઈ જવાબ આપતા ન હતા. આમ, બીજા પક્ષકાર પોતાની નિષ્કાળજી ભર્યા કૃત્યથી કંપનીને આર્થિક નુકશાન થયેલ છે અને બીજા પક્ષકાર પોતાની ઉપરી અધિકારીઓના હુકમોનો પણ અનાદર કરતા હતાં જેથી બીજા પક્ષકારે કંપનીનો વિશ્વાસ ગુમાવેલ હોવાથી તા.૨૨/૦૬/૨૦૨૦ ના રોજ કંપનીના કામકાજના સમયબાદ એક માસનો નોટિસ પગાર આપી બીજા પક્ષકારને નોકરીમાંથી ફરજ મુકત કરવામાં આવેલ છે.

બીજા પક્ષકારે પોતાના માંગણાના નિવેદનના પેરા(૨) માં જણાવેલ હકીકતો ઉપજાવી કાઢેલ હોઈ અમો પ્રથમ પક્ષકારને લેશમાત્ર કબુલ મંજુર નથી.

તા.૦૧/૦૫/૨૦૨૦ ના રોજથી કંપનીમાં અમોએ અન્ય કામદારો સાથે ભેગા મળી તા.૦૧/૦૫/૨૦૨૦ ના રોજથી ગુજરાત વકીગ કલાસ યુનિયન, ભરૂચ, એ–૭૭૨, આનંદ ગંગા, કસક, ભરૂચનું સભ્યપદ સ્વીકારેલું અને કંપનીમાં અમોએ મેનેજમેન્ટના ગેરકાયદેસર અને ગેરવ્યાજબી પગલાંઓનો વિરોધ કરેલો, કંપનીમાં ઘણાં બધા કામદારોને લઘુત્તમ વેતન કરતા પણ ઓછું વેતન લગભગ રૂ.૧૮૦/– થી રૂ.૨૪૦/– ચુકવવામાં આવતું હતું. ઘણાં બધા કામદારોનું પ્રોવીડન્ટ ફંડનો ફાળો કાપવામાં નહોતો આવતો તેમજ અન્ય સુવિધાઓ પણ પુરતી ન હતી. અમોએ યુનિયન બનાવી કંપની સામે ચાર્ટર ઓફ ડીમાન્ડ તા.૨૩/૦૫/૨૦૨૦ ના રોજ ઉપસ્થિત કરેલ અને અમારી માંગણીઓ અંગે મેનેજમેન્ટ ધ્વારા કોઈ જ સમાધાન કારી વલણ નહી અપનાવતા અમોએ યુનિયન ધ્વારા અમો તેમજ બીજા પાંચ કામદાર આગેવાનો સામે કિન્નાખોરી રાખી તેમજ જોહુકમી વાપરી તા.૨૨/૦૬/૨૦૨૦ ના પત્રથી અમોને તેમજ અન્ય પાંચ  કામદારોને લેખિતમાં જાણ કરી નોકરીમાંથી છુટા કરી દીધેલ. અમોને છુટા કરતા પહેલા ખાતાકીય તપાસ કર્યા વિના કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ બચાવ કે ખુલાસો કરવાની તક આપેલ નથી અને તા.૨૨/૦૬/૨૦૨૦ ના પત્ર ધ્વારા નોકરીમાંથી છુટા કરવાની જાણ કરેલી વિગેરે તમામ હકીકતો ખરી નથી અને અમો પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી.

તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજ અમોને નોકરીમાંથી છુટા કરતા અમોએ

કંપનીએ તા.૨૭/૦૬/૨૦૨૦ ના રોજ છુટા કરવાના પત્રમાં અમારી સામે લગાવેલા આક્ષેપો / આરોપોનો ઈન્કાર કરેલો તેમજ અમોને મોકલવામાં આવેલો નોટીસ પગાર તેમજ અમોએ બજાવેલ ફરજના દિવસો દરમ્યાનના પગારનો ચેકનો અમોએ વાંધા – વિરોધ સાથે સ્વીકાર કર્યા અંગેની અમોએ કંપનીને લેખીતમાં જાણ કરેલી. અમોએ અમારા યુનિયન ધ્વારા સરકારી મજુર અધિકારીશ્રી, અંકલેશ્વરને, તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજ આઈ.ડી.એકટની કલમ – ૨૫ (ટી) હેઠળ અયોગ્ય મજદુર પ્રથા અંગે તેમજ કંપનીમાં કામદારોને પગાર ચિઠ્ઠી, ઓળખકાર્ડ, બોનસ તથા અન્ય મજુર કાયદાઓના ભંગ બદલની ફરીયાદ આપેલ હતી. સામાવાળા કંપનીએ અમારી સામે કિન્નાખોરી તેમજ વેરભાવના રાખી ફકત યુનિયનમાં જોડાયા એ કારણથી જ ઓમને નોકરીમાંથી છુટા કરેલ છે, કંપની મેનેજમેન્ટ ધ્વારા મોટાભાગના કામદારો પાસેથી યુનિયનમાંથી રાજીનામું આપવાની પુર્વ શરત લગાવી તેઓને યુનિયનમાંથી રાજીનામું આપવાના પત્રમાં સહી કરાવી ફરજમાં ચાલુ રાખેલ છે. અમોને નોકરીમાંથી છુટા કરવાનું એકમાત્ર કારણ અમોએ કામદારોને સંગઠીત કરવામાં આગળ પડતું કામ કરેલું છે. સરકારી અધિકારીઓ સમક્ષ કંપનીના ગેરકાયદેસર અને ગેરવ્યાજબી પગલાંઓ વિરૂઘ્ધ ફરીયાદ કરવાના કારણે અમારી કિન્નાખોરી રાખી અમોને નોકરીમાંથી છુટા કરેલ છે વિગેરે તમામ હકીકતો ખરી નથી અને અમો પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી.

નિવેદનના પેરા (૩) માં જણાવેલ હકીકતો ખરી નથી અને અમો પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી. પ્રથમ પક્ષકાર કંપનીએ અમોને તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજ નોકરીમાંથી છુટા કરતા અમો વારંવાર કંપની પર ફરજ બજાવવા જતા હતા પરંતુ અમોને કંપનીના અધિકારીઓએ જણાવેલ કે તમો યુનિયનમાંથી રાજીનામું આપશો તો જ ફરજ પર લેવામાં આવશે કેમ કે અન્ય કામદારોને પણ યુનિયનમાંથી રાજીનામું આપવાની જાણ કંપનીએ કરેલ છે. અમો બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર તેમજ ગેરવ્યાજબી રીતે છુટા કરી રોજગારીની અપુરતી તકોના સમયમાં બેકાર બનાવી રસ્તે રઝળતા કરી મુકેલ છે જેને લીધે આજની કારમી મોંઘવારીમાં અમારા કુટુંબનું ભરણ પોષણ કરવાનું અસહય થઈ પડેલ છે વિગેરે તમામ હકીકતો ખરી નથી અને અમો પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી.

નિવેદનના પેરા (૪) અને (૫) માં જણાવેલ હકીકતો તદ્દન ખોટી હોય. અમો

પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી. અમો પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કુદરતી ન્યાયના સિધ્ધાંતોને ભંગ કરતો કે કાળજાળ મોંઘવારી તેમજ રોજગારીની અપુરતી તકોના સમયમાં બેકાર બનાવેલ છે વિગેરે તમામ હકીકતો ખરી નથી અને અમો પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી.

નિવેદનના પેરા (૭) માં બીજા પક્ષકારે જે દાદ માગી છે તેવી કોઈપણ દાદ મેળવવા બીજા પક્ષકારને કાયદેસર કોઈ હકક કે અધિકાર નથી. બીજા પક્ષકારે કંપનીને આર્થિક નુકશાન કરેલ હોય અને ઉપરી અધિકારીની સુચનાઓનું વારંવાર પાલન કરેલ ન હોય કંપનીનો વિશ્વાસ ગુમાવેલ હોવાથી તા.૨૨/૦૬/૨૦૨૦ ના રોજ કંપનીના સમયબાદ બીજા પક્ષકારને ફરજ મુકત કરેલ હોય બીજા પક્ષકારને નોકરીમાં પડેલા દિવસોના પગાર સહ પુનસ્થાપિત થવાનો કાયદેસર કોઈ હકક કે અધિકાર રહેતો નથી. જેથી બીજા પક્ષકારે માંગેલ દાદ રદ થવા પાત્ર છે.

બીજા પક્ષકારે માંગણાં નિવેદનમાં માંગેલી દાદો માંગવા કે મેળવવા તેઓ કાયદેસરના હકકદાર નથી.

**(૪)** આ કામે પક્ષકારો તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>બીજા પક્ષકાર તરફે :–</u>**

**<u>મૌખિક પુરાવા :–</u>**

(૧) આંક – ૨૪ બીજા પક્ષકાર શ્રી બ્રિજેશકુમાર મંડલની એફીડેવીટ.

**<u>લેખિત પુરાવા :–</u>**

(૧) આંક – ૩ માંગણાનું નિવેદન.

(૨) આંક – ૮ દસ્તાવેજી પુરાવા.

(૩) આંક – ૨૫ કલોઝિંગ પુરશીસ.

(૪) આંક – ૨૬ લેખિત દલીલો.

**<u>પ્રથમ પક્ષકાર તરફે :–</u>**

**<u>મૌખિક પુરાવા :–</u>**

પ્રથમ પક્ષકાર તરફે કોઈ મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**<u>લેખિત પુરાવા :–</u>**

(૧) આંક – ૭ લેખિત જવાબ.

(૨) આંક – ૯ દસ્તાવેજી પુરાવા.

(૩) આંક – ૨૭ લેખિત દલીલો.

**(૫)** આ કામે અરજદારની મૌખિક તથા લેખિત દલીલો સાંભળી તે ઘ્યાને લીધી.

**(૬)** ઉપરોકત તમામ હકીકતમાં આ કામે મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા :–**

(૧) શું આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૨) શું બીજા પક્ષકાર પડેલ દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા હકકદાર થાય છે ?

(૩) શું હુકમ ?

**(૭)** આ કામે ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**નિર્ણય :–**

(૧) હકારમાં.

(૨) અંશતઃ હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**(૮)** આ કામે ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણય કારણો નીચે મુજબ છે.

**કારણો :–**

**મુદ્દા નંબર ૧ અને ૨ :–**

ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના કારણો નીચે મુજબ છે.

**(૮.૧)** આ કામે બીજા પક્ષકાર કોઈપણ દાદ મેળવવા હકકદાર છે તે સાબિત કરવા માટે તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. આ કામના બીજા પક્ષકારના કથન મુજબ તેઓ કોરૂગેશન યુનિટ ખાતામાં ઈફલુટ મશીન ઓપરેટર તરીકે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઓગસ્ટ–૨૦૧૫ ના રોજથી દાખલ થયેલા. બીજા પક્ષકારને માસિક કુલ

પગાર લગભગ રૂા. ૧૪,૪૦૦/– તમામ ભથ્થાઓ સહિત ચુકવવામાં આવતો હતો અને પ્રથમ પક્ષકારના લેખિત જવાબનું કથન જોવામાં આવે તો બીજા પક્ષકાર સને ઓગસ્ટ–૨૦૧૫ થી કોરૂગેશન યુનિટ ખાતામાં ઈફલુટ મશીન ઓપરેટર તરીકે રૂા. ૧૪,૪૦૦/– ના તમામ ભથ્થા સહ પગાર મેળવતા હતા સદરહુ હકીકત ખરી હોવાનું જણાવે છે. આમ બંને પક્ષોના પક્ષ નિવેદન જોતા બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પંચીગ ઓપરેટર તરીકે કામગીરી કરતા હોવાની હકીકત નિર્વિવાદીત છે. તે સંજોગોમાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે "નોકર–માલિક" ના સંબંધ હોવાની હકીકત પણ નિર્વિવાદ છે. વધુમાં બીજા પક્ષકારની કામગીરી જોતા તેનો સમાવેશ કામદારની વ્યાખ્યા એટલેકે ૨(એસ) માં થાય છે.

**(૮.૨)** ત્યારબાદ બીજા પક્ષકારે આઈ.ડી.એકટની કલમ ૨૫(બી)(૧) મુજબ અતુટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ અથવા કલમ ૨૫(બી)(૨) મુજબ નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે. હાલના કેસમાં બીજા પક્ષકારના કથન મુજબ તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઓગસ્ટ–૨૦૧૫ થી કામગીરી કરતા હતા અને તેઓએ મજુર કાયદા અંગેના હકકો અને લાભોની માંગણી કરતા તેઓને તા. ૨૩/૬/૨૦૨૦ ના રોજ લેખિતમાં જાણ કરી નોકરીમાંથી છુટા કરી દીધેલ. પ્રથમ પક્ષકાર સંસ્થાના લેખિત જવાબનું કથન જોવામાં આવે તો બીજા પક્ષકાર તેમની સંસ્થામાં સને ઓગસ્ટ–૨૦૧૫ થી ઈફલુટ મશીન ઓપરેટર તરીકે કામ કરતા હોવાનું જણાવે છે. બીજા પક્ષકારે કંપનીનો વિશ્વાસ ગુમાવેલ હોવાથી તા. ૨૨/૬/૨૦૨૦ ના રોજ કંપનીના કામકાજ સમય બાદ એક માસનો નોટીસ પગાર આપી બીજા પક્ષકારને નોકરીમાંથી ફરજમુકત કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. આમ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઓગસ્ટ–૨૦૧૫ થી દાખલ થયેલ અને છેલ્લ ે તા. ૨૨/૬/૨૦૨૦ સુધી કામ કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. તે સંજોગોમાં બીજા પક્ષકારે ઓગસ્ટ–૨૦૧૫ થી તા. ૨૨/૬/૨૦૨૦ સુધી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કલમ ૨૫(બી)(૧) ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

**(૮.૩)** હવે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે. તે માટે આઈ.ડી.એકટની કલમ ૨૫(એફ) ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે.

કલમ ૨૫(એફ) :– કામદારોની છટણીની પુર્વ શરતો :–

કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય તેવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી.

(એ) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદ્દત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદ્દત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી, પરંતુ

(બી) તે કામદારની છટણી વખતે (અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે) અથવા છ મહિનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે ૧૫ દિવસના સરેરાશ પગાર જેટલુ વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(સી) સમૂચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી કરી શકાશે નહીં.

ઉપરોકત જોગવાઈ મુજબ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છટણી કરેલ છે કે કેમ તે હકીકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ ૨(ઓઓ) માં આપવામાં આવેલ છે.

કલમ ૨(ઓઓ) છટણીની વ્યાખ્યા :–

એટલે શિસ્તના પગલા તરીકે કરેલી શિક્ષા રૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તી પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(એ) કામદારની સ્વૈચ્છા પુર્વકની નિવૃત્તિ અથવા

(બી) માલિક અને સંબંધીત કામદાર વચ્ચેના રોજગાર કરાર હોય તે માટે શરત હોય તો નિવૃત્તિ વયે પહોંચતા કામદારની નિવૃત્તિ અથવા

(બીબી) માલિક અને સંબંધીત કામદાર વચ્ચેના રોજગાર કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તીના કારણે કામદારની નોકરીની સમાપ્તી અથવા

(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તી.

આ કામમાં બીજા પક્ષકારના કથન મુજબ તેઓએ યુનિયન બનાવી કંપની સામે ચાર્ટર ઓફ ડીમાન્ડ તા. ૨૩/૫/૨૦૨૦ ના રોજ ઉપસ્થિત કરેલ અને યુનિયન ધ્વારા મદદનીશ શ્રમ આયુકતશ્રી ભરૂચ સમક્ષ માંગણીઓ બાબતે વિવાદ ઉપસ્થિત કરેલ. આથી કંપની ધ્વારા તેઓ તેમજ બીજા પાંચ કામદારો આગેવાનો સામે કિન્નાખોરી રાખી તેમજ જોહુકમી વાપરી તા. ૨૨/૬/૨૦૨૦ ના પત્રથી તેઓ તેમજ અન્ય પાંચ કામદારોને લેખિતમાં જાણ કરી નોકરીમાંથી છુટા કરી દીધેલ. તેઓને છુટા કરતા પહેલા ખાતાકીય તપાસ કર્યા વિના બચાવ કે ખુલાસો કરવાની તક આપેલ નથી અને તા. ૨૨/૬/૨૦૨૦ ના પત્ર ધ્વારા છુટા કરેલ છે. બીજા પક્ષકારે તેઓના કેસના સમર્થનમાં આંક–૮ ના પુરાવા લિસ્ટથી આંક–૧૦ કામદારો ધ્વારા પ્રથમ પક્ષકારને યુનિયનમાં જોડાવા અંગેના પત્રની નકલ તથા આંક–૧૧ થી યુનિયન ધ્વારા કંપનીને કામદારોને નોકરીમાં થી છુટા કરવા અંગેનો પત્રની નકલ તથા આંક–૧૨ થી બીજા પક્ષકાર ધ્વારા કંપનીને લખેલ પત્રની નકલ તથા આંક–૧૩ થી યુનિયન ધ્વારા સરકારી શ્રમ અધિકારીને લખેલ પત્રની નકલ તથા આંક–૧૪ થી યુનિયન ધ્વારા સરકારી શ્રમ અધિકારીને ૨૫(ટી) હેઠળના ફરીયાદની નકલ તથા આંક–૧૫ થી સમાધાન અધિકારી તેમજ મદદનીશ શ્રમ આયુકતશ્રી ધ્વારા વિવાદ ન્યાય નિર્ણય માટે નાયબ શ્રમ આયુકતશ્રી વડોદરાને મોકલાવેલ પત્રની નકલ રજુ કરેલ છે. આથી વિરૂધ્ધ પ્રથમ પક્ષકાર એવું કથન કરેલ છે કે બીજા પક્ષકારને વારંવાર નોકરી દરમ્યાન સોંપવામાં આવતા કાર્યો નિષ્ઠા પુર્વક બજાવતા ન હતા અને સુપરવાઈઝરોના આદેશોનું પાલન કરતા ન હતા તેમજ અશિસ્ત આચરણ તથા ગેરવર્તણુંક અંગે વારંવાર મૌખિક તેમજ લેખિત જાણ કરવામાં આવતી પરંતુ તેનો કોઈ જવાબ આપતા ન હતા. આમ બીજા પક્ષકાર પોતાની નિષ્કાળજીભર્યા કૃત્યથી કંપનીને આર્થિક નુકશાન થયેલ છે અને બીજા પક્ષકાર પોતાના ઉપરી અધિકારીઓના હુકમોનું પણ અવગણના કરતા હતા. જેથી બીજા પક્ષકારે કંપનીનો વિશ્વાસ ગુમાવેલ હોવાથી તા. ૨૨/૬/૨૦૨૦ ના રોજ કંપનીના કામકાજના સમય બાદ એક માસનો નોટીસ પગાર આપી બીજા પક્ષકારને નોકરીમાંથી ફરજમુકત કરવામાં આવેલ છે અને આ કામે પ્રથમ પક્ષકારે તેમના કેસના સમર્થનમાં આંક–૯ ના લિસ્ટથી આંક–૧૭ અને આંક–૨૧ જે બીજા પક્ષકારને આપેલ નોટીસની નકલ રજુ કરેલ છે તથા આંક–૧૮ તથા આંક–૨૨ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના સુપરવાઈઝરે સંસ્થાને બીજા પક્ષકારની ગેરવર્તણુંક બાબતે જાણ

કરેલ તે પત્રની નકલ છે તથા આંક–૧૯ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના ગ્રાહકે ઉત્પાદનની બેદરકારી બાબતે કરેલી ઈ–મેઈલની નકલ છે. આંક–૨૦ બીજા પક્ષકારે માલના કટીંગમાં કરેલ ગુણવત્તા બાબતેની બેદરકારીના ફોટા–૩ ની નકલ છે. આંક–૨૩ બીજા પક્ષકારે માલના કટીંગમાં કરેલ ગુણવત્તા બાબતેની બેદરકારીના ફોટા–૧ ની નકલ છે.

**(૮.૪)** આ કામે બીજા પક્ષકારની આંક–૨૪ ની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર કંપનીમાં ઓગસ્ટ–૨૦૧૫ ના રોજ ફરજ પર હાજર થયેલ. તેમને તા. ૨૨/૦૬/૨૦૨૦ ના રોજ નોકરીમાંથી છુટા કરવાનો પત્ર આપેલો અને તા. ૨૩/૦૬/૨૦૨૦ થી છુટા કરવામાં આવેલ. આ કામે પ્રથમ પક્ષકારના જવાબમાં કરેલ કથન મુજબ બીજા પક્ષકારે કંપનીનો કંપનીનો વિશ્વાસ ગુમાવેલ હોવાથી તા. ૨૨/૬/૨૦૨૦ ના રોજ કંપનીના કામકાજના સમય બાદ એક માસનો નોટીસ પગાર આપી બીજા પક્ષકારને નોકરીમાંથી ફરજમુકત કરવાનું કથન કરેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર તરફે તેમના લેખિત દલીલના સમર્થનમાં નામદાર અલ્હાબાદ હાઈકોર્ટનું જજમેન્ટ 2003 (0) AIJ - UP 314114 Regional Manager S.B.I. V/s. Vidhyaprakash Bajpai તથા પ્રથમ પક્ષકાર તરફે 2005(0) AIJ - AP 413868 Andhrapradesh High Court S. Chandraiah V/s. Presiding Officer Additional Industrial Tribunal Hyderabad તથા પ્રથમ પક્ષકાર તરફે 2015(0) AIJEL - SC 57170 Uttarpradesh State Road Transport Corp. V/s. Gopal Shukla નું જજમેન્ટ રજુ કરી દલીલ કરેલ છે કે ઉપરોક્ત ચુકાદાઓના સિધ્ધાંતો ધ્યાને લેતા તેમજ હાલનો કેસ જોતા બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર કંપનીનો વિશ્વાસ ગુમાવેલ હોવાથી બીજા પક્ષકારને છુટા કરેલ છે. જેથી તેઓ હાલનો રેફરન્સ કરવા કાયદેસર હકકદાર નથી કે નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર નથી તથા પ્રથમ પક્ષકાર તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટ 2019(0) AIJEL - HC 243439 Bhavnagar Municipal Corporation V/s. Anil Buddhabhai Vegad તથા પ્રથમ પક્ષકાર તરફે નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટ WA NO. 269/2019 Smt. Munnibai Sen V/s. M.P.State Agriculture Marketing Board Bhopa નું જજમેન્ટ રજુ કરી દલીલ કરેલ છે કે બીજા પક્ષકારે નોકરી મેળવવા લેખિત પ્રયત્ન કરેલ હોવાના પુરાવા રજુ કરેલ ન હોવાથી તેઓએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ છે તેવું પુરવાર

કરી શકેલ નથી જેથી બીજા પક્ષકાર ઉપરોકત ચુકાદાના આધારે પડેલા દિવસોનો પગાર મેળવવા હકકદાર નથી.

આ કામે બીજા પક્ષકાર તરફે તેમની લેખિત દલીલના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ 2012 LLR 759 Jasdan Municipality V/s. Kantibhai Bachubhai Thummar & Others નું જજમેન્ટ રજુ કરી દલીલ કરેલ છે કે ઉપરોકત ચુકાદાના આધારે કામદારને છુટા કરતા અગાઉ પ્રથમ પક્ષકારે આઈ.ડી.એકટની કલમ ૨૫(એફ) નું પાલન કરેલ ન હોવાથી બીજા પક્ષકાર કામદારને નોકરીની સળંગતા તથા તમામ લાભો સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ.

ઉપરોકત બંને પક્ષકારો તરફે રજુ કરેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને માનસહ વંચાણે લીધેલ છે. હાલના કેસમાં પ્રથમ પક્ષકારે આંક–૯ ના પુરાવા લિસ્ટથી પુરાવા રજુ કરેલ છે અને તેમાં બીજા પક્ષકારને આપવામાં આવેલ નોટીસ તેમજ ગેરવર્તણુંક બાબતે સુપરવાઈઝરે લખેલ પત્રની નકલ વિગેરે રજુ કરેલ છે. પરંતુ તે સંબંધે હાલના કેસની હકીકત જોવામાં આવે તો બીજા પક્ષકારને છુટા કરતા પહેલા પ્રથમ પક્ષકાર ધ્વારા કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ જોતા જણાતું નથી કે બચાવ કે ખુલાસો કરવાની તક આપેલ નથી. આમ છુટા કરવાના સંદર્ભે કોઈ ખાતાકીય તપાસ કરેલ ન હોય અને વધુમાં આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે તેમના કેસના સમર્થનમાં કોઈપણ સાક્ષીને તપાસવામાં આવેલ નથી અને બીજા પક્ષકારે સંસ્થાનો વિશ્વાસ કઈ રીતે ગુમાવેલ છે તે બાબત પુરવાર કરવા કોઈ સાક્ષી તપાસેલ નથી અને વધુમાં બીજા પક્ષકારે કરેલ કથન કે સરકારી અધિકારીઓ સમક્ષ કંપનીના ગેરકાયદેસર અને ગેરવ્યાજબી પગલાઓ વિરૂધ્ધ ફરીયાદ કરવાના કારણે કિન્નાખોરી રાખી તેઓને નોકરીમાંથી છુટા કરેલ છે. તેવા સંજોગોમાં બીજા પક્ષકારે ગેરવર્તણુંક કરેલ કે નિષ્કાળજીભર્યુ કૃત્ય કરેલ હોવાનું અને પ્રથમ પક્ષકાર કંપનીનો વિશ્વાસ ગુમાવેલ હોવાનું પ્રથમ પક્ષકારનું કથન માની શકાય તેમ નથી. આમ ઉપરોકત સંજોગોમાં પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાઓ અને તે ચુકાદાના આધારે કરવામાં આવેલ દલીલ કે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર કંપનીનો વિશ્વાસ ગુમાવેલ હોવાથી બીજા પક્ષકારને છુટા કરેલ છે તે ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને હાલના કેસમાં લાગુ પાડી શકાય તેમ નથી. આ સંજોગોમાં બીજા પક્ષકારને નોકરીમાંથી કલમ ૨૫(એફ) ની જોગવાઈનું પાલન કર્યા સિવાય છુટા કરેલ

હોવાની હકીકત પુરવાર થતી હોય તે સંજોગોમાં બીજા પક્ષકારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર હોવાનું પુરવાર થાય છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ તે રીતે હકારમાં આપવામાં આવે છે.

**(૮.૫)** હવે શું દાદ મળવાની છે તેની ચર્ચા કરવાની થાય છે. આ કામે આંક–૨૪ થી બીજા પક્ષકારની ઉલટ તપાસ જોતા તેમાં તેઓ જણાવે છે કે મને નોકરીમાંથી છુટા કર્યા બાદ હું ઘરે છું નોકરી માટે મેં પ્રયત્ન કરેલ નથી. તે વાત ખરી છે કે હું ખેતજુરી કરીને મારા કુટુંબનું ભરણપોષણ કરૂં છું. દર મહિને ખેતમજુરીને રૂા. ૪ હજાર કમાઉં છું. તે વાત ખરી છે કે મારા એફીડેવીટમાં જે માસિક રૂા. ૫ થી ૮ હજાર કમાઉં છું તે હકીકત લખેલ છે તે હું જાણું છું. આમ બીજા પક્ષકારે અન્ય કોઈ જગ્યાએ નોકરી મેળવવાના પ્રયત્ન કરેલ ન હોવાનું અને રૂા. ૫ થી ૮ હજાર કમાતા હોવાનું કથન કરેલ છે તેવા સંજોગોમાં બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સિવાય સળંગ નોકરી ગણી તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપન કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે. આથી મુદ્દા નં. ૨ નો જવાબ તે રીતે અંશતઃ હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૩ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.બી.) કેસ નં. ૫૬/૨૦૨૦ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સિવાય સળંગ નોકરી ગણી તેમની મુળ જગ્યાએ સદર એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં પુનઃસ્થાપન કરવા.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Date : 29/04/2022
Place: Bharuch

(Javedakhtarkhan Bajitkhan Ghasura)
UIC NO : GJ01028
Presiding Officer
Labour Court No.1, Bharuch.

Dhruti k Mehta
Stenographer
&
K.I.Nimakwala
C.C.T.